# ગૂગલનું ડેટા સેન્ટર પર્યાવરણનો દાટ વાળશે

ગૂગલે વિશાખાપટ્ટનમમાં એક વિશાળ ડેટા સેન્ટર અને AI હબ બનાવવા માટે આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૧૫ અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે, જે અમેરિકાની બહાર સૌથી મોટું AI હબ હશે.ગૂગલના ડેટા સેન્ટરના ભારતમાં આવવાથી ભારતની સરકાર ખુશ છે પણ તેની સંભવિત પર્યાવરણીય અસરોને કારણે વિશાખાપટ્ટનમના લોકો ચિંતામાં સ્થાનિક જળસ્રોતો પર દબાણ આવે છે. વિશાખાપટ્ટનમ પહેલાંથી જ પાણીની કટોકટીનો સામનો કરી રહ્યું છે અને શહેરીકરણ પાણીની અછતને વધારી રહ્યું છે. વૈશ્વિક સ્તરેડેટા સેન્ટર ઉદ્યોગના સૌથી મોટા ખેલાડીઓ, એમેઝોન વેબ સર્વિસીસ, માઈક્રોસોફ્ટ એઝ્યુર અને ગૂગલ ક્લાઉડ તેમનાં ડેટા સેન્ટરોને ઠંડું કરવા માટે વાર્ષિક અબજો ગેલન પાણીનો ઉપયોગ કરે છે કારણ કે આ સેન્ટરો મોટા પ્રમાણમાં ગરમી ઉત્પન્ન કરે છે.




ક્લાઉડ સેવાઓની વધતી માંગને પહોંચી વળવા માટે હતો પરંતુ તેને પર્યાવરણીય ચિંતાઓને કારણે નોંધપાત્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો.વિરોધ પ્રદર્શનનું મુખ્ય કારણ પાણીનો વધુ પડતો વપરાશ હતો. પ્રારંભિક યોજનામાં ડેટા સેન્ટરને દરરોજ 76 લાખ લિટર પાણીની જરૂર હતી, જે 55,000 લોકોના દૈનિક ઉપયોગની સમકક્ષ હતી. ઉરુગ્વે 1950 ના દાયકા પછીનો સૌથી ખરાબ દુષ્કાળ સહન કરી રહ્યું હતું, જેના કારણે મોન્ટેવિડિયોમાં પાણીની અછત સર્જાઈ હતી.

પડી ગયા છે.ગૂગલના CEO સુંદર પિચાઈએ 14 ઓક્ટોબર, 2025ના રોજ વિશાખાપટ્ટનમમાં જાહેરાત કરી હતી કે કંપની શહેરમાં 1 ગીગાવોટ ડેટા સેન્ટર કેમ્પસ બનાવશે, જેમાં AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મોટા પાયે ઊર્જા સ્રોતો અને વિસ્તૃત ફાઈબર-ઓપ્ટિક નેટવર્ક હશે. AI સેવાઓની ઝડપથી વધતી માંગને પહોંચી વળવા માટે કેમ્પસ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ ગૂગલનું ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે અને તેમાં અદાણી ગ્રુપ અને ભારતી એરટેલ જેવા ભાગીદારો સામેલ છે. આ પ્રોજેક્ટનું પ્રાથમિક ધ્યાન AI ડેટા સેન્ટર્સ વિકસાવવાનું છે, જે ક્લાઉડ કમ્પ્યુટિંગ અને AI સેવાઓને સપોર્ટ કરશે. વિશાખાપટ્ટનમ જેવા દરિયાકાંઠાના શહેરમાં, જ્યાં કુદરતી સંસાધનો પહેલાંથી જ શહેરીકરણના દબાણ હેઠળ છે, ત્યાં આવા મોટા ડેટા સેન્ટરોની પર્યાવરણીય અસર ચિંતાનો વિષય છે.

વિશાખાપટ્ટનમ પૂર્વી ઘાટથી ઘેરાયેલું દરિયાકાંઠાનું શહેર છે. તેના મુખ્ય કુદરતી સંસાધનો દરિયાકિનારો, જંગલો, ટેકરીઓ અને મર્યાદિત પાણીના સ્રોત છે. વિશાખાપટ્ટનમ શહેરના કુલ ભૂમિ વિસ્તારના આશરે 250 ચોરસ કિ.મી. જેટલો વિસ્તાર જંગલો અને ટેકરીઓ દ્વારા રચાયેલો છે, જે તેના દરિયાકિનારા પર ફેલાયેલો છે. વિશાખાપટ્ટનમમાં ઝડપી શહેરીકરણને કારણે જમીનના આવરણમાં ફેરફાર થઈ રહ્યા છે અને કુદરતી સંસાધનોનો ઘટાડો થઈ રહ્યો છે. જળ સંસાધનો પહેલાથી જ દબાણ હેઠળ છે અને આડેધડ શહેરીકરણ પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યું છે. AI ડેટા સેન્ટરને ચિક્કાર ઊર્જા, પાણી અને જમીનની જરૂર પડશે, જે સ્થાનિક સંસાધનોને તાણમાં મૂકી શકે છે. ડેટા સેન્ટરના કૂલિંગમાં મોટા પ્રમાણમાં પાણીનો ઉપયોગ થાય છે. મોટા ભાગની સિસ્ટમો બાષ્પીભવનશીલ કૂલિંગ પર આધાર રાખે છે, જેનાથી

**ગૂગલે સ્પેન, નેધરલેન્ડ, ચિલી અને ઉરુગ્વે જેવા દેશોમાં પણ આવા જ મોટાં ડેટા સેન્ટર બનાવ્યાં છે, જ્યાં તેમને સ્થાનિક પાણીની કટોકટી માટે દોષી ઠેરવવામાં આવી રહ્યા છે**

વિશાખાપટ્ટનમના ડેટા સેન્ટરો માટે મોટા પાયે જમીન સંપાદન કરવામાં આવતાં તે જંગલો, ટેકરીઓ અને દરિયાકાંઠાના વિસ્તારોને અસર કરી શકે છે. બાંધકામ, ધ્વનિ પ્રદૂષણ, માટીનું ધોવાણ અને પાણીના પ્રવાહને વિક્ષેપિત કરી શકે છે. જૈવવિવિધતા ઉપરાંત, વિશાખાપટ્ટનમના પૂર્વી ઘાટ ક્ષેત્રમાં દરિયાઈ ગુફાઓ અને દરિયાકિનારા જોખમમાં મુકાઈ શકે છે. 1 ગીગાવોટ ક્ષમતા ધરાવતો આ પ્રોજેક્ટ સેંકડો એકર જમીન કબજે કરી શકે છે. ગૂગલ દાવો કરે છે કે તેને 2025 સુધીમાં 4.5 અબજ ગેલન પાણીની જરૂર પડશે. ભારત જેવા પાણીની તંગી ધરાવતા દેશમાં 1 ગીગાવોટ ડેટા સેન્ટર માટે દરરોજ લાખો લિટર પાણીની જરૂર પડી શકે છે. આનાથી ભૂગર્ભ જળનું સ્તર ઘટી શકે છે અને પીવાના પાણી પર અસર થઈ શકે છે. AI હબના બાંધકામ દરમિયાન જળ પ્રદૂષણ પણ વધી શકે છે.

ગૂગલે સ્પેન, નેધરલેન્ડ, ચિલી અને

**ટાઈમ લાઈન**
-સંજય વોરા

ઉરુગ્વે જેવા દેશોમાં પણ આવાં જ મોટાં ડેટા સેન્ટર બનાવ્યાં છે, જ્યાં તેમને સ્થાનિક પાણીની કટોકટી માટે દોષી ઠેરવવામાં આવી રહ્યા છે અને તેમની સામે વિરોધ પ્રદર્શનો થયાં છે. ગૂગલે 2024 માં ઉરુગ્વેના કેનેલોન્સ ક્ષેત્રમાં એક નવું ડેટા સેન્ટર બનાવવાની યોજનાની જાહેરાત કરી, જેમાં આશરે 85 કરોડ ડોલરનું રોકાણ છે. આ પ્રોજેક્ટ AI અને

પર્યાવરણીય કાર્યકરોએ આને કુદરતી સંસાધનોનું શોષણ ગણાવ્યું હતું.આ પ્રોજેક્ટ દ્વારા વાર્ષિક 25,000 ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન થવાનો અંદાજ હતો, જે ઉરુગ્વેના કુલ ઉત્સર્જનમાં 2.7%નો વધારો કરી શકે છે. આ સેન્ટર 2.20 લાખ ઘરોની ઊર્જા માંગ જેટલી ગ્રીડ પર દબાણ લાવશે અને દુષ્કાળ દરમિયાન અશ્મિભૂત ઇંધણ પર નિર્ભરતા વધારશે. આ સેન્ટર દ્વારા વાર્ષિક 86 ટન જોખમી કચરો ઉત્પન્ન થતો હતો, જેના કારણે તેના નિકાલ અંગે પ્રશ્નો ઊભા થાય છે. તેનો ફ્રેન્ડ્સ ઓફ ધ અર્થ અને મુવમેન્ટ ફોર અ સસ્ટેનેબલ ઉરુગ્વે જેવાં સંગઠનોએ વિરોધ કર્યો હતો. આમ છતાં, પર્યાવરણીય જૂથો અને વિરોધીઓને જાણ કર્યા વિના એક મહિનાની અંદર પર્યાવરણીય અધિકારીઓ દ્વારા પ્રોજેક્ટના પર્યાવરણીય મૂલ્યાંકનને ઝડપથી મંજૂરી આપવામાં આવી હતી. આમ, વિરોધ છતાં પ્રોજેક્ટનું બાંધકામ સપ્ટેમ્બર 2024 માં શરૂ થયું. જો કે, વિરોધના દબાણ હેઠળ ગૂગલે પાણી આધારિત ઠંડકને એર કન્ડીશનીંગથી બદલી નાખી હતી. ગૂગલે દાવો કર્યો હતો કે ડેટા સેન્ટર 90%થી વધુ નવીનીકરણીય ઊર્જા પર ચાલશે અને સામાન્ય ડેટા સેન્ટરો કરતાં 1.8 ગણું વધુ કાર્યક્ષમ હશે. કેનેલોન્સમાં પ્રોજેક્ટ પરનું કામ ઓક્ટોબર 2025 સુધી ચાલુ રહેવાની ધારણા છે. જો કે, ટીકાકારો હજુ પણ લાંબા ગાળાની અસરોની દેખરેખની માંગ કરી રહ્યા છે. ઉરુગ્વેનો આ પ્રોજેક્ટ લેટિન અમેરિકા અને યુરોપિયન દેશોમાં ડેટા સેન્ટરોના વધતા જતાં વિરોધનું ઉદાહરણ આપે છે.

## રાષ્ટ્રીય કલા કેન્દ્ર @ 70

# ફૂલદાની ઘરમાં હું લાવ્યો હતો, ખાનદાની ખુશબૂ તું લાવી હતી

શહેરની પ્રસિદ્ધ કલાસંસ્થા રાષ્ટ્રીય કલા કેન્દ્રનું 90મું વર્ષ અને સ્વ. ચંદ્રકાન્તભાઈ પુરોહિતના જન્મ શતાબ્દી મહોત્સવ નિમિત્તે, વજુભાઈ ટાંક હોલ, શાહપોર, સુરત મુકામે હાલમાં જ સાહિત્ય સમિતિના નેજા હેઠળ 'કવિ સંમેલન' નું આયોજન થયું હતું. સંસ્થાના પ્રમુખ રૂપિન પચ્ચીગરે આવકાર આપતા જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કલાકેન્દ્ર છેલ્લાં 70 વર્ષોથી સાહિત્ય, સંગીત, નાટ્ય અને ચિત્રકળા જેવી પ્રવૃત્તિઓ કરતી આવી છે. આ વર્ષ સંસ્થાના પાયાના પથ્થરોમાંના એક સ્વ. ચંદ્રકાન્તભાઈ પુરોહિતના જન્મશતાબ્દી વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે, જેનો ચોથો મણકો ડૉ. રઈશ મણિયારના સંચાલન હેઠળ કવિ સંમેલન યોજાયું છે. આ સંસ્થા વર્ષોથી કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ રીતે કલા સાથે કલાકારોનું પણ સર્જન થાય છે. આ સંસ્થા એક કલામંદિર છે. શહેર, રાજ્ય, દેશ અને કોવિડ પછી તો વિદેશ સુધી એના કાર્યક્રમો પહોંચે છે જેનું અમને ગૌરવ છે. આ વખતે વિપુલભાઈ સોની, આસિસ્ટન્ટ કમિશ્નર- GST અને શ્રીમતી વર્ષા સોનીએ મુખ્ય મહેમાન તરીકે પધારી પ્રસંગ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. એઓ એક અચ્છા ગઝલકાર અને કાવ્યપ્રેમી છે. વર્ષાબેન તો પ્રસિદ્ધ ભજનગાયિકા છે. જેઓ ગુજરાતભરમાં એમના સૌમ્ય અવાજથી જાણીતા થયાં છે.

ત્યાર બાદ નવ જેટલા માતબર કવિઓનું પ્રમુખ અને સંસ્થાના હોદ્દેદારો તથા ઉપસ્થિત કવિઓના હસ્તે ટ્રોફી આપી સન્માન થયું હતું. સંસ્થાના મહામંત્રી ભરત ભાવસારે સૌનો આભાર માન્યો હતો.

હવે કાર્યક્રમનો દોર ડૉ. રઈશ મણિયારે સંભાળ્યો. એઓની વિખ્યાત ગઝલકાર, કવિ વાર્તાકાર અને સફળ સંચાલક તરીકેની ખ્યાતિ હવે તો વિદેશ સુધી પહોંચી છે. એમણે એક પછી એક કવિઓની શેર-પંક્તિઓને સમજાવી ને ભાવકો સામે રજૂ કર્યાં, જેની ઝલક માણીએ....

**- પ્રશાંત સોમાણી**

આવી વસ્યા દિલમાં કશું ભાડું ભર્યા વગર?
પાછા તમે ચાલી ગયા, અમને મળ્યા વગર?
ચાલી જશો ઈશ્વર તમારા અવતર્યા વગર...

**- યામિની વ્યાસ**



- કોઈ હારે કોઈ જીતે, કાળની ગતિ એમ જ વીતે
એમનું ચાલે એમની રીતે, આપણું ચાલે આપણી રીતે.
- પ્રીત પરખાવી દીધી મેં રોટલીના લોટમાં
જાત ભભરાવી દીધી મેં રોટલીના લોટમાં

**જિગીષા દેસાઈ**

એકલતા મનનું જાળું છે, એકાંતે મન હુંફાળું છે
ગાલના ખંજન દેખાડે છે, સ્મિત તમારું નખરાળું છે.

**- પૂર્ણિમા ભટ્ટ**

ક્ષણ પછી ક્ષણ મળે તોડતાં થોડો સમય તો લાગશે,
અચંબો ફંગોળતા થોડો સમય તો લાગશે,
મેં મને પૂરી હતી સીમિત કરીને કૌંસમાં
અવતરણમાં લાવતાં થોડો સમય તો લાગશે.

**ગૌરાંગ ઠાકર** ફૂલદાની ઘરમાં હું લાવ્યો હતો, ખાનદાની ખુશબૂ તું લાવી હતી
સાઈકલ દીકરાને શીખવા ના દીધી, ઘરમાં બધ્ધી ચાદરો ટૂંકી હતી,
મેં ખુમારી જ્યારથી વેચી હતી, ચીજવસ્તુ ત્યારથી સસ્તી હતી
મારી કિંમત મેં જ ગગડાવી હતી, ઘરમાં જ્યારે મેં સલાહ આપી હતી.

- સુનીલ શાહ

જિંદગીમાં ક્યાં બધાંને સઘળું યે ઝગમગ મળે?
કોઈને સૂરજ મળે, કોઈને બુઝતી શગ મળે.
હું ધરાનો માનવી છું, પાંખ લઈને શું કરું?
અડચણો વિંધીને ચાલે, બસ મને એ પગ મળે.

**- કિરણસિંહ ચૌહાણ-**

કશું કરવાં જતાં કોઈ ગફલત થાય તો થાય.
નવું કરવા જતાં કોઈ ગફલત થાય, એ તો થાય.
આપના દિલમાં હજી અમે બસર છે, એ જ મારા કામની સાચી કદર છે.
સ્થિતિમાં આવી ગયો છે બહુ સુધારો, જ્યારથી મારા પર મારી નજર છે.

**- રવીન્દ્ર પારેખ**

હોય કાયમ હાશ કંઈ સારી નહીં,
એકલી ટાઢાસ કંઈ સારી નહીં.
લાખ નિરાશા પછી આવે તો ઠીક,
બાકી કેવળ હાશ કંઈ સારી નથી.
વાત પોતાની જ સાથે થઈ શકે,
એવી નવરાશ કંઈ સારી નથી.

- ડૉ. રઈશ મણિયારઃ-

વરસાદ કે તડકામાં ભાગ્યે જ કશું જડશે
વચ્ચેની જો ક્ષણ પકડો તો મેઘધનુષ જડશે.
બુધ્ધિની બવ ધાર ના કાઢો, વાતે વાતે સાર ના કાઢો,
સોયનો ખપ છે જ્યાં કેવળ, ત્યાં શૂરવીરો તલવાર ના કાઢો...

- વિપુલ સોની

મુખરીત હોકર કોન ઉકેલે,
જીવનકી કવિતા કે છંદ,
એક જનમ કે ખાતીર હમને
કિતને ચીરે સમંદર કે છંદ...

વર્ષા સોનીએ એમનું સ્વરચિત 'શ્યામ' ભજન પ્રસ્તુત કરી લોકોનાં દિલ જીતી લીધાં. રા. ક. કેન્દ્ર દ્વારા અગાઉ આયોજીત સ્વ મીનુબેન અમરભાઈ પાલનપુરીની યાદમાં યોજાયેલા તરહી મુશાયરાના ઈ પુસ્તકનું વિમોચન નરેશ કાપડિયાએ કર્યું હતું.


**કર્ટનકોલ**
- પ્રવીણ સરાધીઆ

અદભુત, રસમય, રસાળ અને મનભાવન સંચાલન કરનાર ડૉ. રઈશે પોતાની આગવી વાકછટા સાથે કવિઓને વિશિષ્ટ શૈલીથી રજૂ કરી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં અને સાથે આખો હોલ તાળીઓના ગટગડાટથી ગુંજતો રહ્યો. એઓએ અંતે કહ્યું કે RKK નો હોલ એક પ્રયોગશાળા છે. અહીં કવિઓએ બે પંક્તિઓમાં દુનિયા બતાવી દીધી. આ બધી કેલિડોસ્કોપ રચના સૌએ માણી એનું ગૌરવ વ્યક્ત કર્યું.

સમગ્ર કાર્યક્રમનું વીડિયો રેકોર્ડીંગ સરસ કુનેહ અને એકાગ્રતાથી નરેશ કાપડિયાએ કર્યું હતું. સાહિત્ય સમિતિના કન્વિનર યામિની વ્યાસે સૌ કલાકારો, ઉપસ્થિત કવિઓ, ભાવકો અને કાર્યક્રમને સફળ બનાવનાર તમામનો આભાર માન્યો હતો.

## શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારુ




**આડી ચાવી**

૧. ચિત્રકામ કરનાર (૪)
૩. પરાક્રમી લડવૈયો (૪)
૬. હોડી, વહાણ (૨)
૮. પ્રતિજ્ઞા (૨)
૧૦. શરીર પર ઉપસી આવતી કાળા રંગની ગાંઠ(૨)
૧૧. પગની ધૂળ (૫)
૧૨. વાંદરો, વાનર (૨)
૧૩. દીપક, દીવો (૩)
૧૪. ઉત્કટ ઇચ્છા, તાલાવેલી... (૩)
૧૫. કૃષ્ણ પક્ષનું (૨)
૧૬. સૂર્ય (૩)
૧૭. એક તેલી બી (૨)
૧૮....ઔર રંક (૨)
૧૯. વાચા, બોલી (૨)
૨૦. યોગ્યતા (૩)
૨૨. સારી તક (૩)
૨૩. અનુકૂળ વખત (૨)
૨૪. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૬. ઠામ, વાસણ (૨)
૨૭. દીવો (૩)
૨૮. ઉપાધિ, પદવી, દરજ્જો (૨)
૨૯. વાર્તા, કથા (૨)
૩૦. તાકાતવર, શક્તિશાળી (૪)
૩૨. ભાઈ (૨)
૩૩. ચકલાં -હોલા જેવું એક પંખી (૩)
૩૪. યંત્રથી ચાલતું કારખાનું (૨)
૩૫. કંટાળેલું (૨)
૩૬. સરિતા (૨)
૩૭. શક્તિ, ખમી લેવું તે (૩)
૩૯. યોગ્ય કિંમત કરનાર(૫)
૪૨. રાજા, અભિપ્રાય (૨)
૪૩. રેતીનું મેદાન (૨)
૪૪. મોજૂદ, પ્રત્યક્ષ (૩)
૪૫. બાળ ભાષામાં ચવાણું (૨)
૪૬. અવાજ, ધ્વનિ (૨)
૪૭. જુસ્સો, તાકાત (૨)
૪૮. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૪૯. કાગળ વગેરેના નાના ટુકડા (૪)
૫૨. પાણી પીવાની ઇચ્છા (૩)
૫૪. અધિકાર, દાવો (૨)
૫૫. મોટી સંખ્યામાં નાણું (૩)
૫૭. પાછું (૩)
૫૯. પાણીનો કુંડ (૨)
૬૦. પાણીનું પ્રાણી (૪)
૬૨. સરખી સપાટીવાળું (૪)
૬૩. મોટું (૨)
૬૫. પારકા પૈસા (૪)
૬૬. શિયાળુ પાક (૨)
૬૮. અશુભ મુર્હૂતવાળા દિવસો (૪)
૬૯. નકામી રખડપટ્ટી (૬)


**ઊભી ચાવી**

૧. એક વનસ્પતિનાં બીજ (૫)
૨. એક સૂકો મેવો (૨)
૪. હિંમત (૨)
૫. પાંચમું પાતાળ (૪)
૬. મહિલા, સ્ત્રી (૨)
૭. વેપાર (૩)
૮. સતામણી (૪)
૯. પવનપુત્ર હનુમાન (૫)
૧૧. ચાલાક, ચપળ (૪)
૧૩. દીવો, દીપક (૨)
૧૬. લાગ, પ્રસંગ (૨)
૧૭. કિસ્મત, નસીબ (૪)
૧૯. રંગ, વર્ણ (૨)
૨૧. જોડકું (૩)
૨૩. ઝટ ભાંગી જાય એવું (૪)
૨૪. નકામું, બાદ કરેલું (૨)
૨૫. રસમ, પ્રકાર(૨)
૨૬. પાંદડું, પર્ણ (૨)
૨૮. પરીક્ષા (૪)
૨૯. દાણાવાળું કઠોળ (૨)
૩૦. જેલનો ઉપરી (૬)
૩૧. વાંદરુ, કપિ (૩)
૩૨. વિજળી, વિદ્યુત (૨)
૩૪. પોષણ માટે જોઇએ તેટલો ખોરાક (૪)
૩૫. રંગ, વર્ણ (૨)
૩૬. સારું વર્તન (૨)
૩૮. વિક્રમ સંવતનો એક મહિનો (૪)
૪૦. શ્વાસ (૨)
૪૧. મનનું વલણ, વૃત્તિ (૩)
૪૨. ફરિયાદ (૨)
૪૩. ખેલ, (૩)
૪૬. રેતીનું મેદાન (૨)
૪૮. મુકામ, રહેઠાણ (૨)
૪૯. ઓછું (૨)
૫૦. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૫૧. કિનાર, છેડો (૨)
૫૩. સાવ સહેલી વાત (૫)
૫૪. પચેલું (૩)
૫૬. વ્યાયામ, અભ્યાસ (૪)
૫૭. પારકું, અન્ય (૨)
૫૮. છબી, ચિત્ર (૪)
૬૦. પિતા, જન્મ આપનાર (૩)
૬૧. ચાલાક, હોશિયાર (૩)
૬૪. અવસ્થા, સ્થિતિ (૨)
૬૭. કજિયો (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

